જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૪/૭/૨૦૧૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૩૫૭/૧૫

## સી.એન.જી.ઓટો રિક્ષાની ચોરી કરતા ઈસમની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઈમબ્રાંચ

ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર ના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનેલ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના અધિકારી શ્રીઓને સુચના કરેલ તે અનુસંધાને મદદનીશ પોલીશ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓના માર્ગંદશન અને સુપરવિઝન હેઠળ એમ.ઓ.બી.સ્કોડઁ ના માણસો પો.કો.સિકંદર જશુભા બ.નં.૯૮૨૫, નાઓની બાતમી હકિકત આધારે આરોપી મોહંમદ શાહરૂખ મોહંમદસોયેબ શેખ ઉ.વ.૨૧ (રહે.૩૩/૧, સરખેજ રોઝાની ચાલી, હત કરીયાણા સ્ટોર્સની પાછળ, મકરબા રોડ, સરખેજ અમદાવાદ નાની પાસેથી કારંજ પો.સ્ટેશન વિસ્તારમાંથી ચોરી કરેલ ઓટોરીક્ષા નંબર જીજે.૧૮.યુ.૩૮૬૬ ની કબજે કરવામા આવેલ છે. જે બાબતે કારંજ પો.સ્ટે.માં ગુનો દાખલ થયેલ છે અને આ સિવાય સદરી આરોપીએ સરખેજ તથા વેજલપુર તથા અસલાલી પો.સ્ટે. વિસ્તારમાંથી છેલ્લા ત્રણેક માસ દરમ્યાનમાં બીજી પાંચેક ઓટોરીક્ષાની ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)